( સને૧૯૭૩ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ૩૫૫ મુજબનો ચુકાદો )

અમદાવાદના મહે.એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટસાહેબશ્રીની કોર્ટ નં. ૧૯, સમક્ષ

આંક :–

(અ). કેસનો અનુક્રમ નંબર :– ૨૨૯૫/૦૬

(બ). ગુન્હો બન્યાની તારીખ :– ૧૨/૫/૦૬

(ક). ફરીયાદીનું નામ :– ધી સ્ટેટ ઓફ ગુજરાત

(ડ). આરોપીઓના નામ અને સરનામું. :– મોહિત મહેન્દ્રભાઈ માલવીયા
રહે ૧૧૨, ગોકુલનગર, સૈયદવાડી,
વટવા, અમદાવાદ

(ઈ). ફરીયાદમાંનો આરોપ અથવા સાબીત થયેલો આરોપ. :– ઈ.પી.કો.કલમ–૨૭૯,૩૩૭ તથા એમ.વી.એકટ કલમ ૧૭૭,૧૮૪,૧૩૪–બી મુજબ.

(ફ). આરોપીનો જવાબ અને તપાસણી :–

સવાલ– તમારી સામેનું તહોમતનામું તમોને વાંચી સમજાવ્યુ તે મુજબનો ગુન્હો તમે કબુલ કરો છો કે બચાવ કરવો છે ?

જવાબ– મને ગુનો કબુલ છે.

x ...............................
આરોપીની સહી

મારી રૂબરૂ,

(એ.એન.વોરા.)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૯, અમદાવાદ.

તા.૧૦/૨/૧૬
અમદાવાદ.

ક્રિ. કે. નં.

(૧) આ કામમા એલીસબ્રીજ/પાલડી પો.સ્ટે. ધ્વારા આરોપી વિરુધ્ધ ઈ. પી. કો. કલમ ૨૭૯, ૩૩૭ તથા મો. વ્હી. એકટની કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪–બી મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામા આવેલ છે. આ કામે આરોપી અદાલતમા હાજર થતા તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ. પ્રો. કોડ કલમ ૨૦૭ અન્વયે વિના મુલ્યે આપવામા આવેલ છે. આરોપીએ ત્યાર બાદ ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે અને ત્યાર બાદ આરોપીની ચાર્જશીટમા જણાવેલ ગુના માટે પ્લી/નિવેદન લેતાં તેમા પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨) સજા બાબતે આરોપીને સાંભળતા આરોપીએ આ પ્રથમ ગુનો છે અને તેઓ મધ્યમ વર્ગના માણસ છે અને તેઓને દર મુદતે કોર્ટ સમક્ષ હાજર રહે તો ખુબ જ આર્થિક નુકશાન થાય તેમ છે તેમ જણાવે છે તથા ભવિષ્યમા આવા પ્રકારનો ગુનો ફરીથી નહિ કરવા ખાત્રી આપે છે અને દયા કરવા જણાવેલ છે. એ.પી.પી.શ્રીએ કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩) આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપી વિરુધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમા લેતાં ન્યાયના હિતમા નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

ક્રિ. પ્રો. કોડ કલમ–૨૫૨ અન્વયે આરોપીને ઈ. પી. કો. કલમ ૨૭૯, ૩૩૭ તથા મો. વ્હી. એકટની કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪–બી મુજબના ગુના માટે તકસીરવાન ઠરાવી એકત્રીતપણે રુ. ૧,૬૦૦ /– (અંકે રુપિયા એક હજાર છસો) દંડ, દંડ ના ભરે તો દિન–૧ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરું છું.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા વાંચીને જાહેર કર્યો.

અમદાવાદ.

તા૧૦/૮/૯૮

(એ.એન. વોરા.)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૧૯, અમદાવાદ.

Fine Paid
Rs: 1600/-
No: 166